# વડોદરા મહાનગરપાલિકા

## હોળીના તહેવાર નિમિતે જાહેર જનતાને નમ્ર અપીલ

વડોદરા શહેરમાં હોળીના તહેવાર નિમિતે વિવિધ સ્થળોએ જાહેર રસ્તાઓના જંકશન ઉપર તથા સોસાયટીઓના આંતરિક માર્ગ ઉપર પવિત્ર હોળી પ્રગટાવવામાં આવે છે. સામાન્ય રીતે પવિત્ર હોળી આવા જાહેર માર્ગો ઉપર સીધા ડામર રોડ ઉપર લાકડા, ઘાસ, છાણા વિગેરે એકઠા કરી હોળી પ્રગટાવવાથી હોળીની જવાળાની સીધી ગરમીના કારણે રસ્તાઓના ડામર પીગળી જવાથી રસ્તાઓના જંકશન તૂટી જાય છે અને જેને કારણે આવા જંકશનોની મરામત પાછળ બિનજરૂરી ખર્ચ થાય છે તેમજ જાહેર જનતાને અગવડ ઉપસ્થિત થાય છે.

આથી જાહેર જનતાને જાહેર હિતમાં અપીલ કરવામાં આવે છે કે હોળી પ્રગટાવવાના સ્થળે પ્રથમ ડામર રસ્તા ઉપર છાણ–માટીનુ જાડુ લીંપણ કરવામાં આવે, તથા તેની ઉપર ઇંટ અથવા રેતી–માટીનુ થર પાથર્યા બાદ હોળી પ્રગટાવવામાં આવે તો જાહેર માર્ગોને થતુ નુકશાન મહદ્‌અંશે નિવારી શકાય તેમ છે. જેથી વડોદરા શહેરની ધર્મપ્રિય તથા તહેવારપ્રિય જનતાને ઉપરોક્ત મુજબની હોળી પ્રગટાવવા નમ્ર વિનંતી તથા જાહેર અપીલ કરવામાં આવે છે.

પી.આર.ઓ.નં. ૧૩૦૮ /૨૪–૨૫ કા.ઈ., રોડ શાખા

પ્રતિ,
જનસંપર્ક અધિકારીશ્રી,
જનસંપર્ક વિભાગ,
વડોદરા મહાનગરપાલિકા.

ઉપરોક્ત જાહેર જનતા માટેની નમ્ર અપીલ દૈનિક સમાચાર પત્ર તથા વેબસાઇટ પર તા.૧૨-૦૩-૨૦૨૫ નાં રોજ પ્રસિધ્ધ કરી આપવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર
રોડ પ્રોજેક્ટ શાખા
વડોદરા મહાનગરપાલિકા

<u>સાદર રજુ:</u>

આ કામની હકીકત એવી છે, વડોદરા શહેરમાં હોળીના તહેવાર નિમિતે વિવિધ સ્થળોએ જાહેર રસ્તાઓના જંકશન ઉપર તથા સોસાયટીઓના આંતરિક માર્ગ ઉપર પવિત્ર હોળી પ્રગટાવવામાં આવે છે.  સામાન્ય રીતે પવિત્ર હોળી આવા જાહેર માર્ગો ઉપર સીધા ડામર રોડ ઉપર લાકડા, ઘાસ, છાણા વિગેરે એકઠા કરી હોળી પ્રગટાવવાથી હોળીની જવાળાની સીધી ગરમીના કારણે રસ્તાઓના ડામર પીગળી જવાથી રસ્તાઓના જંકશન તૂટી જાય છે અને જેને કારણે આવા જંકશનોની મરામત પાછળ બિનજરૂરી ખર્ચ થાય છે તેમજ જાહેર જનતાને અગવડ ઉપસ્થિત થાય છે.

ઉપરોક્ત મુશકેલીઓ નિવારવા માટે જાહેર જનતાને અપીલ કરતી જાહેરાત તૈયાર કરેલ છે જે આ સાથે પેટામાં સામેલ છે. જે જોવાઈ તા.૧૨-૦૩-૨૦૨૫ રોજના દૈનિક અખબારમાં જાહેરાત આપવા માટેની મંજુરી મળવા વિનંતી છે.